
પ્રત્યેક મનુષ્યનું શારીરીક અને આર્થીક બાબતોનું ભવીષ્ય દર્શાવતું શાસ્ત્ર.

# જૈન નક્ષત્ર શાસ્ત્ર

( પુસ્તક પહેલું )

: સંશોધક :

પ્રેમચંદ સ. મહેતા.




P. P. Ac. Gunratnasuri M.S.

જીવનલાલ અમરશી મહેતા, અમદાવાદ

Jin Gun Aaradhak Trust

પ્રત્યેક મનુષ્યનું શારીરીક અને આર્થીક બાબતોનું ભવીષ્ય' દર્શાવતું શાસ્ત્ર.

# જૈન નક્ષત્ર શાસ્ત્ર

( પુસ્તક પહેલું )

: સંશોધક :
**પ્રેમચંદ મ. મહેતા.**

પ્રથમ આવૃત્તિના પ્રકાશક :
જીવણલાલ અમરશી મહેતા વતી
ચંદ્રકાન્ત જીવણલાલ મહેતા.

( સર્વ હક્ક લેખકને સ્વાધીન છે )

પ્રથમ આવૃત્તિ ] : : [ સને ૧૯૪૭

મુદ્રક : સુરેશચંદ્ર પોપટલાલ પરીખ.
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ : સલાપોસ રોડ : અમદાવાદ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

નક્ષત્ર શાસ્ત્ર જૈન સિદ્ધાંતોમાંથી સંશોધન કરી રચવામાં આવ્યું છે તેમાં કોઈ કોઈ પ્રકારની ઉણપ પણ છે કારણકે ફળાદેશનું કોઈ શાસ્ત્ર આ રચનાને અનુકૂળ થાય તેવું મળ્યું નહીં હોવાથી તેની ખાસ ઉણપ છે તે પુરી કરવા પ્રયત્ન ચાલુ છે.

ખાસ છણાવટ માગતી બાબત શની ગ્રહનું ભ્રમણ છે શનિનું નક્ષત્ર યંત્રના ચાર ખાના પૈકી એક ખાનાનું સાડા છ વરસનું ભ્રમણ ખરાબ છે તેમાં સાડાછ વરસમાં ખરાબ એક વરસ ગણાય, એક વર્ષમાં પણ નેવું દિવસ જ ખરાબ ગણાય તે શોધેલ છે. પણ અમુક બાબત અપૂર્ણ મૂકવાથી ભાવાર્થ મારી જાય છે માટે તે બાબત સંપૂર્ણતા ભરેલ તૈયાર થતાં બહાર પાડવામાં આવશે. તથા તેને લગતી જ્યોતિષની અગત્યની બાબતો સામાન્ય જનતા પોતાની જાતે સરળ રીતે સમજી શકે તેવી ભાષામાં રજુ કરાશે.

આ નક્ષત્ર શાસ્ત્રની રચના દરેક દેશના વિભાગોને ઉપયોગી છે કારણુ કે દરેક દેશોમાં નક્ષત્ર અને ગ્રહોને એક જ નામથી માન્ય કરેલ છે.


વસંતપંચમી
૨૭-૧-૪૭
રાજામહેતાની પોળ
લક્ષ્મીનારાયણુની પાળ

પ્રેમચંદ મહેતા
બરવાળાવાળા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી સરસ્વત્યૈ નમઃ

# નક્ષત્રનો ઉદય તથા જાણવાની સંજ્ઞા.




(૧) અશ્વિની. નક્ષત્ર. બે તારા
તા. ૧૦ ઓક્ટોબરે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઊગે છે.

(૨) ભરણી નક્ષત્ર ત્રણ તારા
તા. ૨૩ ઓકટોબરે સુયાસ્ત પછી પૂર્વ દીશામાં ઊગે છે.

(૩) કૃતિકા નક્ષત્ર નવ તારા દ્રાક્ષના લુમખા જેવું.
તા. ૫ નવેમ્બરે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૪) રોહીણી. નક્ષત્ર પાંચ તારા અંગ્રેજી વી.
તા. ૧૯ નવેમ્બરે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૫) મૃગશીર્ષ નક્ષત્ર ત્રણ તારા
તા. ૨ ડીસેમ્બરે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.


(૬) આદ્રા નક્ષત્ર એક તારો નારંગી રંગનો ઝગઝમાટ થયા કરે છે.
તા. ૧૬ ડીસેમ્બર સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૭) પુનર્વસુ નક્ષત્ર બે તારા
તા. ૨૮ ડીસેમ્બર સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૮) પૂષ્ય નક્ષત્ર આઠ તારા
તા. ૧૧ જાન્યુઆરી સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૯) અશ્લેષા નક્ષત્ર આઠ તારા
તા. ૨૩ જાન્યુઆરી સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust




(૧૦) મઘા, નક્ષત્ર છતારા એક મોટો પાંચ નાના તારા આકાર દાતરડા જેવો.

તા. ૫ ફેબ્રુઆરી સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૧) પૂર્વાફાલ્ગુની નક્ષત્ર બે ઝીણાતારા

તા. ૧૮ ફેબ્રુઆરી સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૨) ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર બે તારા એક મોટો અને એક ઝીણો

તા. ૪ માર્ચે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૩) હસ્ત નક્ષત્ર ચાર તારા

તા. ૧૭ માર્ચે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૪) ચીત્રા નક્ષત્ર એક સફેદ પ્રકાશીત તારો.

તા. ૩૦ માર્ચે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૫) સ્વાતી નક્ષત્ર એક નારંગી રંગનો તારો.

તા. ૧૩ એપ્રીલે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૬) વીશાખા નક્ષત્ર બે મોટા અને બે નાના તારા.

તા. ૨૭ એપ્રીલે સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૭) અનુરાધા નક્ષત્ર ચાર તારા.


તા. ૧૦ મે. સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

(૧૮) જ્યેષ્ઠા નક્ષત્ર ત્રણ તારા વચમાં મોટો અને બીજા ઝીણા.

તા. ૨૪ મે. સુર્યાસ્ત પછી પૂર્વ દીશામાં ઉગે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૧૯) મૂળ નક્ષત્ર ચારતારા
તા. ૭ જુન સુર્યાસ્ત પછી પૂર્વદીશામાં ઉગે છે.




(૨૦) પૂર્વાષાઢા નક્ષત્ર પાંચતારા
તા. ૨૧ જૂન સુર્યાસ્ત પછી પૂર્વદિશામાં ઉગે છે.

(૨૧) ઉતરાષાઢા નક્ષત્ર છતારા
તા. ૫ જુલાઈ સુર્યાસ્ત પછી પૂર્વદીશામાં ઉગે છે.

(૨૨) અભીજીત નક્ષત્ર એક પ્રકાશીત તારો.

(૨૩) શ્રવણ નક્ષત્ર એક પ્રકાશીત તારો
તા. ૧૯ જુલાઇ સુર્યાસ્ત પછી પૂર્વદીશામાં ઉગે છે.

(આ બંને નક્ષત્રોના પ્રકાશીત તારા એકબીજાથી ઘણા અંતરે ઉગે છે.)

(૨૪) ધનીષ્ઠા નક્ષત્ર ચાર તારા
તા. ૨ ઓગસ્ટ સુર્યાસ્ત પછી પૂર્વદીશામાં ઉગે છે.

(૨૫) શતભીષા નક્ષત્ર આશરે એકસો તારા
તા. ૧૬ ઓગસ્ટ સૂર્યાસ્ત પછી પૂર્વ દિશામાં ઉગે છે.

(૨૬) પુર્વા ભાદ્રપદ નક્ષત્ર બે તારા
તા. ૩૧ ઓગસ્ટ સૂર્યાસ્ત પછી પૂર્વ દિશામાં ઉગે છે.


(૨૭) ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર બે તારા
તા. ૧૩ સપ્ટેમ્બરે સૂર્યાસ્ત પછી પૂર્વ દિશામાં ઉગે છે.

(૨૮) રેવતી નક્ષત્ર માછલીના આકારે તારાઓ ઉગે છે.
તા. ૨૬ સપ્ટેમ્બરે સૂર્યાસ્ત પછી પૂર્વ દિશામાં ઉગે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દરેક નક્ષત્રો ઉગ્યા પછી છ કલાકે માથા ઉપર આવે છે, ત્યારે ઘણી જ સહેલાઇથી જોઈ શકાય છે.

## ગ્રહો




P. P. Ac. Gunratnasuri M.S.
Jin Gun Aaradhak Trust

# ગ્રહોની સમજણ

**શની** વાદળી રંગની છાંય જેવા પ્રકાશનો તારો બહુ ઝીણો દેખાય છે. કારણ આ ગ્રહ પૃથ્વીથી ઘણો જ દૂર છે.

**ગુરૂ** પીળા રંગની છાંય જેવો પ્રકાશીત તારો ઝગમગ થાય છે. આ ગ્રહ શનીથી બીજા નંબરનો છે.

**મંગળ** લાલ રંગની છાંય જેવો પ્રકાશીત તારો આ તારાનો પ્રકાશ આપણે જેમ આંખો બંધ કરીએ અને ઉઘાડી એ તેવી રીતે જોવામાં આવે છે. આ ગ્રહ શનીથી ત્રીજા નંબરનો છે.

**શુક્ર** સફેદ રંગનો ઝગઝગાટ વાળો મોટો તારો ઘણો જ આકર્ષક દેખાય છે. આ તારાને જોવાની મઝા પડે છે. આ ગ્રહ સૂર્યથી બીજા નંબરનો છે.

**બુધ** સફેદ અને પીળા રંગના મીશ્ર રંગની છાંયવાળો પ્રકાશીત તારો સૂર્યથી ત્રીજા નંબરનો છે. સૂર્યથી નજીક અને સૂર્યની આસપાસ ફરતો હોવાથી ઓછો જોવામાં આવે છે.

ઉપરના ગ્રહોની નક્ષત્રોની જેમ સ્થીરતા નહીં હોવાથી કાયમ અમુક દીવસે અમુક જ જગ્યાએ ઉગે એમ નક્કી કરેલ નથી.

સૂર્ય અને ચંદ્ર જેમ આપણે જોઇ શકીએ છીએ તેમ રાહુ અને કેતુ જોઇ શકાતા નથી.

રાહુ અને કેતુ નક્ષત્રો કે ગ્રહ જેવા તારા નથી. ફક્ત ગ્રહણ વખતે રાહુ યા કેતુ સૂર્ય કે ચંદ્ર ઉપર આવી જવાથી ગ્રહણ થાય છે. તેવી માન્યતા છે. તે બરાબર છે અને તેવી રીતે માણુસના ગ્રહો ઉપર રાહુ યા કેતુ આવી જવાથી નુકશાન થાય છે. યા મૃત્યુ પામે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શની, ગુરૂ, મંગળ, શુક્ર, બુધ. આ ગ્રહો જોવા હોય તો પંચાંગમાં ચંદ્ર જ્યારે ઉપરના ગૃહો સાથે આવતો હોય ત્યારે ચંદ્રની સાથે જે ગ્રહ હોય તે ગૃહ જોઈ શકાશે.

## ગ્રહોનું પ્રભુત્વ

**શની**— પ્રાણ અને પ્રકૃતી.

**ગુરૂ**— રીદ્ધિ ( ધનાઢયતા ) સીદ્ધિ ( વિદ્વતા. )

**મંગળ**— કાર્ય શક્તિ, કાર્ય ક્ષેત્ર, કુટુંબ અને કુટુંબ સંબંધ.

**સૂર્ય**— દેહ, પીતા અને પ્રભાવ.

**શુક્ર**— વ્યવહાર સંબંધ વ્યાપાર ક્ષેત્ર, સ્ત્રી.

**બુધ**— ગાવા તથા બોલવાના દરેક પ્રકાર.

**ચંદ્ર**— માતા તથા દરેક પ્રકારની ઇચ્છાઓ.

**રાહુ**— ફળનું રોકાણ.

**કેતુ**— ફળનો નાશ.

## મહાદશાની સમજણ

શની અને ગુરુના વેધમાં મંગળની અસરઃ—


શનીનો વેધ ચાલતો હોય અને મંગળ વેધમાં આવે તો તેટલો વખત ખરાબ જાય છે.

ગુરુનો વેધ ચાલતો હોય અને મંગળ વેધમાં આવે તો તેટલો વખત સારો જાય છે.

રાહુ કે કેતુ પડેલા હોય તો સારા ફળને રોકે છે અને ખરાબ ફળમાં વધારો કરે છે તે ધ્યાનમાં રાખવાનું છે.

નક્ષત્રનો વેધ જન્મના નક્ષત્રને લાગુ પડે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust


અશ્વની (લ)
ભરણી (ઉ)
પુષ્ય (ડ)
અભિજીત (ખ)
અશ્લેષા (ઉ)
શ્રવણ (ઘ,રૂ,ખ)
સ્વાતિ (ત)
વિશાખા (રૂ઼ઘ)
કૃતિકા (ઉ)
રોહણી (અ)
મઘા (ઉ)
ધનીષ્ઠા (ઘ,રૂ)
પૂ. ફા. (મ)
શતભીષા (ગ)
અનુરાધા (રૂ,ઘ)
જેષ્ઠા (ન)
મૃગશિર્ષ (વ)
આદ્રા (ક)
ઉ. ફા (ટ)
પૂ. ભા. (સ)
હસ્ત (પ)
ઉ. ભા. (દ)
મૂળ (ય)
પૂ. ષાઢા (ભ)
પુનર્વસુ (હ)
ચીત્રા (ર)
રેવતી (ચ)
ઉ. ષાઢા (જ)

## અંતરદશાનું કોષ્ટક

| નક્ષત્રોના નંબર. | નામ | અક્ષર | નક્ષત્રમાં સૂર્ય આવવાની તારીખ). |
|---|---|---|---|
| (૧) | અશ્વિની | લ. | તેરમી એપ્રીલ. |
| (૨) | ભરણી | ઉ. | સત્તાવીસમી એપ્રીલ |
| (૩) | કૃતીકા | ઉ. | દસમી મે. |
| (૪) | રોહીણી | અ. | ચોવીસમી મે. |
| (૫) | મૃગશિર્ષ | વ. | સાતમી જુન. |
| (૬) | આર્દ્રા | ક. | એકવીસમી જુન. |
| (૭) | પુનર્વસુ. | હ. | પાંચમી જુલાઇ. |
| (૮) | પુષ્ય | ડ. | ઓગણીસમી જુલાઇ. |
| (૯) | આશ્લેષા | ઉ. | બીજી ઓગષ્ટ. |
| (૧૦) | મઘા | ઉ. | સોળમી ઓગષ્ટ. |
| (૧૧) | પૂ. ફાલ્ગુણી | મ. | એકત્રીસમી ઓગષ્ટ. |
| (૧૨) | ઉ. ફાલ્ગુણી | ટ. | તેરમી સપ્ટેમ્બર. |
| (૧૩) | હસ્ત | પ. | છવ્વીસમી સપ્ટેમ્બર. |
| (૧૪) | ચીત્રા | ર. | દસમી ઓકટોમ્બર. |
| (૧૫) | સ્વાતી | ત. | તેવીસમી ઓકટોબર. |
| (૧૬) | વીશાખા | રૂ. ઇ. | પાંચમી નવેમ્બર. |
| (૧૭) | અનુરાધા | ઇ. રૂ. | ઓગણીસમી નવેમ્બર. |
| (૧૮) | જેષ્ઠા | ન. | બીજી ડીસેમ્બર. |
| (૧૯) | મૂળ | ય. | સોળમી ડીસેમ્બર. |
| (૨૦) | પૂ. ષાઢા | ભ. | અઠ્ઠાવીસમી ડીસેમ્બર. |
| (૨૧) | ઉ. ષાઢા | જ. | અગીયારમી જાન્યુઆરી. |
| (૨૨) | શ્રવણ | રૂ. ઈ. ખ. | તેવીસમી જાન્યુઆરી. |
| (૨૩) | ધનીષ્ઠા | ઈ. રૂ. | પાંચમી ફેબ્રુઆરી. |
| (૨૪) | શતભીષા | ગ. | અઢારમી ફેબ્રુઆરી. |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૨૫) પૂ. ભાદ્રપદ સ. ચોથી માર્ચ.
(૨૬) ઉ. ભાદ્રપદ દ. સત્તરમી માર્ચ.
(૨૭) રેવતી ચ. ત્રીસમી માર્ચ

અંતરદશા સૂર્યથી જોવાય છે કારણકે નીશ્રીત વખતે નીશ્રીત ઠેકાણે ફર્યા જ કરે છે ચંદ્ર વક્રિપણાને પામતો નથી તેથી તેનાથી દિવસ નક્કી થાય છે.

---

## અંતરદશાનો કોઠો




આ કોઠો જન્મના ચંદ્ર નક્ષત્ર ઉપરથી નામ પાડેલાને જ લાગુ પડશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દાખલા તરીકે અશ્વની નક્ષત્રના ચંદ્રમાં જન્મનાર માણસ (લ) આ માણસને ૨,૧૧,૨૦ મા નક્ષત્ર ઉપર સૂર્ય આવે ત્યારે તે નક્ષત્ર ઉપર સૂર્ય જેટલા દિવસ રહે તેટલા દિવસમાં લાભ મળે છે.


**તેટલા દિવસમાં કયા દિવસે લાભ મળવો જોઈએ**

ચંદ્ર ૨,૧૧,૨૦ મા નક્ષત્રો ઉપર જે દિવસે આવે તે દિવસે લાભ મળે છે.

આ પ્રમાણે દરેકનું સારૂનરસુ ફળ જોઈ લેવું.

**તા. ક. :**—ઉપર પ્રમાણેમાં રાહુ કે કેતુ નક્ષત્ર ઉપર પડેલા હશે તો સારૂ ફળ મળશે નહિ અને ખરાબ ફળમાં વધારો થશે.

## નક્ષત્ર યંત્ર




P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## નક્ષત્ર યંત્રની સમજણ

જન્મનો ટાઇમ તથા વર્તમાન ટાઇમના નક્ષત્રો ઉપર ગ્રહો કુયાં કયાં પડયા છે તેના ફળની સમજણ.

(૧) નંબર એક તથા નંબર ત્રણ એ સૂર્ય ગુરુ અને મંગળના ઘર છે માટે તે ઘરમાં સૂર્ય ગુરુ અને મંગળ બળવાન ગણાય છે માટે પોતાનું ફળ પુરેપુરૂં આપે છે.

(૨) નંબર બે અને નંબર ચાર એ શની, શુક્ર અને ચંદ્રના ઘર છે માટે તેમાં શની, શુક્ર અને ચંદ્ર આવે ત્યારે પોતાનું ફળ પુરેપુરૂં આપે છે.

(૩) બાકી રહેલા ચાર નક્ષત્રો અને બુધનો ગ્રહ એ અસ્થીર છે માટે તેમાં જે જે ગ્રહો આવે તે બધાના ફળ અસ્થીર સમજવા.

(૪) નંબર એક અને નંબર ત્રણ પ્રતિયોગ ગણવો (દષ્ટિયોગ) નંબર બે અને નંબર ચાર પ્રતિયોગ ગણવો.

(૫) નંબર એકના ખાનાનું ભ્રમણ કરતાં શનીને સાડાછ વરસ લાગે છે ગુરુને પોણા ત્રણ વરસ લાગે છે, મંગળને ચાર મહીના લાગે છે, સૂર્યને અઢી માસ અને શુક્રને સૂર્ય કરતાં ઓછા દિવસ લાગે છે. બુધને શુક્ર કરતાં ઓછા અને ચંદ્રને છ દિવસ લાગે છે.

(૬) બાકી રહેલા આદ્રા, હસ્ત, પૂર્વાષાઢા, ઉ. ભાદ્રને ફરતાં શનીને એક એક વરસ અને ગુરુને છ છ માસ લાગે છે. પોતાના જન્મના નક્ષત્રો ઉપરથી જીંદગીનો ટૂંકો અહેવાલ.

(૭) જે ખાનામાં શની હોય અને તેમાં જે ગ્રહો પડયા હોય તથા તેના પ્રતિયોગમાં જે ગ્રહો પડેલા હોય તે ગ્રહનું પ્રભુત્વ ઓછું થાય છે તેથી તે ગ્રહો તેમના પ્રભુત્વની બાબતમાં નુકશાન કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

(૮) જે ખાનામાં ગુરુ હોય અને તેમાં જે ગ્રહો પડયા હોય તથા તેના પ્રતિયોગમાં જે ગ્રહો પડયા હોય તેનું પ્રભુત્વ વધે છે તેથી તે ગ્રહોના પ્રભુત્વ બાબતમાં સારો લાભ મળે છે.

(૯) શની ફરતો ફરતો જે વરસે જન્મના પડેલા ગ્રહના ખાનામાં આવે ત્યારે તે ગ્રહનું તથા તેના પ્રતિયોગમાં પડેલા ગ્રહનું પ્રભુત્વ ઘટાડી નુકશાન કરાવે છે.

(૧૦) ગુરુ ફરતો ફરતો જે વરસે પડેલા ગ્રહના ખાનામાં આવે ત્યારે તથા તેના પ્રતિયોગમાં પડેલા ગ્રહનું પ્રભુત્વ વધારી લાભ અપાવે છે.

(૧૧) બાકીના ગ્રહોનું ભ્રમણ શનીની સાથે ખરાબ છે અને ગુરુની સાથે સારૂં છે.

(૧૨) ગ્રહોના ભ્રમણમાં જ્યારે રાહુ આવતો હોય ત્યારે તે ગ્રહના ફળમાં રોકાણ થશે અને કેતુ જ્યાં આવતો હોય તે ગ્રહના ફળનો નાશ થશે તે ખાસ ધ્યાન રાખવું.

## મુહૂર્ત વિભાગ

**વ્યક્તિગત**—અંતર દશાના કોઠા ઉપરથી સૂર્ય અને ચંદ્ર સારા હોય તે દીવસ ઉત્તમ. એમાંથી એક સારો હોય તે દીવસ મધ્યમ. બન્ને ખરાબ હોય તો કનિષ્ટ.

**ચોકખા દિવસ માટે**—(દુનિયાના તમામ દેશો માટે) સૂર્ય જ્યારે (નક્ષત્ર યંત્ર)ના નંબર એક અને ત્રણના ખાનામાં હોય ત્યારે ચંદ્ર નંબર એક અને ત્રણના ખાનામાં આવે તે દિવસો સારા ગણવા. તેવી રીતે સૂર્ય નંબર બે અને નંબર ચારના ખાનામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હોય ત્યારે ચંદ્ર નંબર બે અને ચારના ખાનામાં આવે તે દિવસો સારા ગણવા.

**કયો વખત સારો:**—દરેક દેશોનો સૂર્યોદય પછી જે વાર હોય તે વારનો ગ્રહ સૂર્યોદય પછી એક કલાક પ્રભુત્વ ભોગવે છે અને ત્યાર પછી બીજો કલાક તેનાથી છઠ્ઠા વારનો ગ્રહ પ્રભુત્વ ભોગવે છે.

**દાખલા તરીકે:**—શનીવારના સૂર્યોદય પછી શનીનો ગ્રહ પ્રથમનો એક કલાક પ્રભુત્વ ભોગવે છે, બીજો કલાક ગુરુનો ગ્રહ પ્રભુત્વ ભોગવે છે. ત્રીજો કલાક મંગળ, ચોથો કલાક સૂર્ય, પાંચમો કલાક શુક્ર, છઠ્ઠો કલાક બુધ, સાતમો કલાક ચંદ્ર અને આઠમો કલાક શની ગ્રહ પ્રભુત્વ ભોગવે છે. આ પ્રમાણે દરેક વારનું ગ્રહોનું પ્રભુત્વ જોઈ લેવું.

## કેવાં કાર્યો માટે કયો ગ્રહ સારો

શની—સ્થિર કાર્યો માટે.

ગુરુ—જ્ઞાનોદય કાર્યો માટે.

મંગળ—હુન્નર ઉદ્યોગના કાર્યો માટે.

સૂર્ય—પ્રભાવશાળી કાર્યો માટે.


શુક્ર—વિલાભ, વૈભવ તથા ભોગ્યના કાર્યો માટે.

બુધ—વ્યક્તૃત્વના દરેક કાર્યો માટે.

ચંદ્ર—શાન્તિના કાર્યો માટે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# દિશાચક્ર




જે નક્ષત્ર ઉપર ચંદ્ર હોય તે દીશાર્મા જવાથી લાભ થાય છે અને તેની સામેની દીશામાં જવાથી નુકશાન થાય છે. શની, રાહુ કેતુ આવતો હોય તો તે દિવસ તાજ્ય કરવો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust